## ONLINE વિદ્યાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ:

૧. ૫૯માં પદવીદાન સમારંભ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ – ૨૦૨૬ ના વર્ષ સુધી **ERP System** અંતર્ગત પરીક્ષાના ઓનલાઈન અરજીફોર્મ ભરવામાં આવેલ હોય અને જે વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને **ERP System** અંતર્ગત અભ્યાસ પૂરો કર્યાની ફોટોવાળી માર્કશીટમાં દર્શાવેલ **SPID NO.** તેમજ વિદ્યાર્થી પાસે તેઓને મળેલ પાસવર્ડ દ્વારા **vnsgu.net** માં લોગીન કરી આપેલ **College/Department** માં જઈ પદવી પ્રમાણપત્ર માટે ઓનલાઈન અરજીફોર્મમાં જરૂરી વિગતો ભરી તેમજ જરૂરી દસ્તાવેજો અપલોડ કરી ઓનલાઇન પેમેન્ટ કરવાનું રહેશે.

૨. વિદ્યાર્થીએ ઓનલાઈન અરજીફોર્મ ભરતા પહેલા પોતાના ડેસબોર્ડમાં આવતી માહિતીની ચકાસણી કર્યા બાદ જ અરજીફોર્મ ભરવાનું રહેશે. જો કોઈ સંજોગોમાં ડેસબોર્ડમાં માહિતી ખોટી હોઈ તો પહેલા માહિતી સુધારી ત્યારબાદ જ અરજીફોર્મ ભરવાનું રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા અરજીફોર્મમાં જે વિગતો, ફોટો અને સહી અપલોડ કરી હશે એ મુજબ પદવી પ્રમાણપત્રો બનશે. જે અંગે પાછળથી યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ જેથી વિદ્યાર્થીઓ અરજીફોર્મ ચોક્કસાઈ પૂર્વક ભરવાનું રહેશે.

૩. વિદ્યાર્થીએ કોરાં પેપર પર કાળી પેનથી સહી કરી અરજીફોર્મમાં નિર્ધારીત કરેલી સાઇઝમાં, **JPG** ફોર્મેટમાં વ્યવસ્થિત ફોટો અપલોડ કરવાનો રહેશે. અપલોડ થયેલ ફોટો અને સહી બાબતે યુનિવર્સિટી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.

૪. **M.B.B.S., B.H.M.S., B. Physiotherapy, B. Optometry** ની પદવી લેવા માંગતા વિદ્યાર્થીઓએ માર્કશીટ સાથે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ખાતેથી મેળવેલું **Internship Completion Certificate** (ઇન્ટર્નશીપ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર) સામેલ કરવાનું રહેશે.

૫. અરજી ફોર્મ ભરનારા વિદ્યાર્થીઓએ તમામ સૂચનાઓ વાંચ્યા બાદ જ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ખોટી માહિતી તથા અધુરી વિગતોવાળું તેમજ નિયત દસ્તાવેજો અપલોડ કરેલ ન હોય તો આવા ભરવામાં આવેલ વિદ્યાર્થીઓના ઓનલાઈન અરજીફોર્મ રદ્દ કરી ભરવામાં આવેલ ફી દફ્તરે કરવામાં આવશે તથા તે અંગે કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૬. યુનિવર્સિટી પર કોઈપણ સંજોગોમાં ડિગ્રી અંગેના આવેદનપત્રો તથા ફી સ્વીકારવામાં આવશે નહી.

૭. વિદ્યાર્થી પોતાના ડેસબોર્ડના લોગીનમાં અન્ય વિદ્યાર્થીના દસ્તાવેજોનું અરજીફોર્મ ભરશે તો આ અરજી તેમજ ભરેલ ફી દફતરે કરવામાં આવશે. જે અંગે યુનિવર્સિટી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.

૮. **ERP System** અંતર્ગત જે વિદ્યાર્થીઓએ **ONLINE** મોડમાં ફોર્મ ભરી અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેમની માર્કશીટમાં **SPID NO.** તેમજ વિદ્યાર્થીના તેમના ફોટાવાળી માર્કશીટ હોય, એવા વિદ્યાર્થીઓએ આ **OFFLINE** મોડમાં પદવી પ્રમાણપત્ર મેળવવા માટે અરજીફોર્મ ભરવાનું રહેતું નથી. **ERP System** વાળા **ONLINE** વિદ્યાર્થીઓ **OFFLINE** મોડમાં અરજીફોર્મ ભરશે તો તેઓના અરજીફોર્મ રદ કરી ભરેલ ફી દફ્તરે કરવામાં આવશે.

૯. સિન્ડિકેટ તા.૨૧/૦૯/૨૦૨૦ ની સભાના ઠરાવ ક્રમાંક:૨૬ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં પ્રથમ વર્ષ એલએલ.બી.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના બેચથી પ્રવેશ મેળવનારને સેમેસ્ટર-૪માં પાસ થયેલ વિદ્યાર્થીઓએ **LL.B. (General)** ની પદવી પ્રમાણપત્ર મેળવવા માટે **Offline** મોડમાં પણ અરજીફોર્મ ભરશે તો પણ આ અરજી તેમજ ભરેલ ફી દફતરે કરવામાં આવશે. જે બાબતે કોઈ પત્ર-વ્યવહાર વિભાગ તરફથી પણ કરવામાં આવશે નહિ. જેની વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવાની રહેશે.

૧૦. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન/ઓફલાઈન અરજી ફોર્મની ફી પેમેન્ટ ઓનલાઈન થી જ કરવાનું રહેશે. યુનિવર્સિટી ખાતે કેશ (રોકડ) લેવામાં આવશે નહી. ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ **PAYMENT SUCCESSFULLY** વાળી રસીદની પ્રિન્ટ કોપી પોતાના ડેસબોર્ડ પરથી ડાઉનલોડ કરી લેવી અને જ્યારે ડિગ્રી સર્ટિફિકેટ લેવા આવો ત્યારે અથવા કે કોઈ ડિગ્રીની મુશ્કેલી માટે યુનિવર્સિટી ખાતે રજૂઆત કરવા આવો ત્યારે ફરજિયાત રસીદની હાર્ડ કોપી લાવવાની રહેશે. પદવી પ્રમાણપત્ર લેવા આવે ત્યારે **PAYMENT SUCCESSFULLY** થાય તે જ રસીદ માન્ય ગણાશે બેન્કનો મેસેજ કે અન્ય મેસેજ રસીદ તરીકે ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૧૧. પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક પદવીધારકોએ તા.૦૫/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી અરજીફોર્મ ભરી યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ રૂ.૩૯૦/- (પોસ્ટેજ ચાર્જ સહિત) ફી ભરવાની રહેશે. ત્યારબાદ જે વિદ્યાર્થીઓ અરજીફોર્મ ભરવા ઇચ્છુક હોય, તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી ઉપરાંત નિયત કરેલ લેઇટ ફી રૂ.૫૦૦/- સહિત અરજીફોર્મ ભરવાનું રહેશે. જેની વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી.

**(The students who willing of obtaining the degree certificate have to fill the application form from 05/06/2026 to 30/06/2026 and pay the fee of Rs.390/- (including postage charges) prescribed by the university. After that, the students who are willing to fill the application form, the students have to fill the application form along with the prescribed late fee of Rs.500/- in addition to the fee prescribed by the university. Which the student has to take special note.)**

૧૨. આ પદવી સમારોહમાં પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક આઈ.સી.સી.આર. **(ICCR)** મારફત અભ્યાસ પૂર્ણ કરેલ તેમજ વિદેશમાં રહેતા **(Abroad)** વિદ્યાર્થીઓ જો તેમના કાયમી રહેઠાણના સ્થળે પદવી પ્રમાણપત્ર પોસ્ટ દ્વારા મંગાવવા ઇચ્છતા હોય તેમણે યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી ઉપરાંત **Abroad** પોસ્ટેજ ચાર્જ સહિત ફી ભરવાની રહેશે. જયારે ભારત **(INDIA)** દેશમાં પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક પદવીધારકોએ યુનિવર્સિટી દ્વારા નિયત કરાયેલ રૂ.૩૯૦/- (પોસ્ટેજ ચાર્જ સહિત) ફી ભરવાની રહેશે. જેથી પદવી પ્રમાણપત્ર મેળવવા ઇચ્છુક તમામ વિદ્યાર્થીઓએ સૂચનાઓ વાંચી ધ્યાનપૂર્વક અરજીફોર્મ તેમજ ફી ભરવાની રહેશે, ભરેલ ફી રિફંડને પાત્ર રહેશે નહી. અરજીકર્તા વિદ્યાર્થીઓએ સૂચના (૬) પણ ધ્યાનમાં લેવાની રહેશે.

**(The Students who have completed their studies through the ICCR scholarship and wish to receive their degree certificate by post at their permanent residence outside India must pay the fee, which includes abroad postage charges in addition to the fee prescribed by the University. Those who want to get their degree certificate by post within India need to pay a prescribed fee of Rs.390/- (including postage charges). All students requesting their degree certificate must read the instructions carefully and fill the application form and pay the fee accordingly. Please note that the fee paid is non-Refundable. Applicant students should also consider instruction (6).)**

**--Sd--**

પરીક્ષા નિયામક